ક્રમાંક:મઉમશબ/શાનિ/૯૨૧૨-૪૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૧૧/૦૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષયઃ- તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ યોજાનાર મહારક્તદાન શિબિર માટે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા બાબત

સંદર્ભઃ-(૧) માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના પત્રક્રમાંક:અં.મ./આવિ./શિક્ષણ/૨૮૬૭/૨૫, તા.૦૪/૦૯/૨૦૨૫

(૨) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિના તા.૦૬/૦૯/૨૦૨૫ નો પત્ર.

(૩) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૧૧/૦૯/૨૦૨૫ ના પત્ર ક્રમાંકઃ COS/0161/09/2025.

શ્રીમાન

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના સંદર્ભ-૧ના પત્ર સાથે સામેલ સંદર્ભ-૨ અન્વયે ભારત સરકારના ઓપરેશન સિંદુરની સફળતા અને ભારતના માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ તા. ૧૬/૦૯/૨૦૨૫ના રોજ સવારે ૮-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધી ગુજરાત રાજયમાં ૩૦૦ કરતાં વધુ સ્થળોએ રાજયના તમામ કર્મચારીઓ દ્વારા મહારક્તદાન શિબિરનું આયોજન કરેલ છે.

સંદર્ભ-૩ ના પત્રને વંચાણે લેતાં રાજ્યના તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો પણ આ શિબિરમાં જોડાયેલ હોઈ આ સમાજોપયોગી ભગીરથ કાર્યમાં તમામ શિક્ષક ભાઈબહેનો યોગદાન આપી શકે તે માટે રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમય તા.૧૬/૦૯/૨૦૨૫ ને મંગળવાર પુરતો સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી કરવા માટે આપના તાબા હેઠળની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિ, ગાંધીનગર

**અંગત મદદનીશ**

ક્રમાંક: અં મ /આ વિ /શિક્ષણ/ ૨૮૬૭/૨૫

**મંત્રીશ્રી,**

**આદિજાતિ વિકાસ, પ્રાથમિક,**

**માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય,**

**ગુજરાત સરકાર**

પહેલા માળ, સ્વર્ણિમ સંકુલ-૧,

સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. : (આ) ૦૭૯-૨૩૨-૫૦૧૨૮/૩૮૦૦૫

ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૦૩૦૬,

ઈ-મેઈલ : min-education@gujarat.gov.in

તારીખ : - 4 SEP 2025

ગુજરાત રાજ્યના તમામ કર્મચારી મંડળની તા.02/09/2025ની રજૂઆત આ સાથે સામેલ રાખેલ છે.

સદર રજૂઆતની વિગતે, 16 સપ્ટેમ્બર 2025ના રોજ 'રક્તદાન નમો કે નામ' સંકલ્પ સાથે રાજ્યવ્યાપી બ્લડ ડોનેશન કેમ્પના આયોજન અંગેની માન.મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરેલ છે.

ઉક્ત રજૂઆત પરત્વે જરૂરી સૂચનો કરી પરિપત્ર જાહેર કરવા માન.મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

**(ચિરાગકુમાર પટેલ)**

પ્રતિ

- **નિયામકશ્રી,**
  **પ્રાથમિક શિક્ષણની કચેરી,**
  વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર–19,
  ગાંધીનગર.
- **નિયામકશ્રી,**
  **શાળાઓની કચેરી,**
  વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર–19,
  ગાંધીનગર.

6/9/2025

K.B

# ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિ

C/o રાજ્ય આચાર્ય સંઘ ભવન, ઓમિક્રોન બિલ્ડીંગ, હોટલ હવેલી પાસે, સેક્ટર ૧૧, ગાંધીનગર

| ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ | ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ | ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ | ગુજરાત રાજ્ય માધ્ય. અને ઉ.મા. શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ |
|---|---|---|---|
| ભાનુપ્રસાદ એ.પટેલ (પ્રમુખ)<br>Mo. 78748 04404 | ભરતકુમાર આર.પટેલ (પ્રમુખ)<br>Mo. 94090 10967 | કિરીટસિંહ પી.મહીડા (પ્રમુખ)<br>Mo. 94271 15232 | દિવ્યકુમાર વી.મોદી (પ્રમુખ)<br>Mo. 94284 61507 |
| ભરતભાઈ એમ.ચૌધરી (મહામંત્રી)<br>Mo. 99243 35710 | સુનિલભાઈ એન.જોષી (મહામંત્રી)<br>Mo. 94264 87898 | દિલીપભાઈ કે.પટેલ (મહામંત્રી)<br>Mo. 99792 75479 | પંકજભાઈ એચ.રાજ્યગુરૂ (મહામંત્રી)<br>Mo. 75413 20820 |


તારીખ : ૦૬/૦૯/૨૦૨૫

પ્રતિ,
ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબ,
માનનીય શિક્ષણમંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ,
ગુજરાત સરકાર

વિષય :તારીખ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ યોજાનાર "મહારકતદાન શિબિર" માટે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારનો કરવા બાબત...

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથે ઉપરોકત વિષયના અનુંસંધાનમાં જણાવવાનું કે,

ભારત સરકારના "ઓપરેશન સિંદુર" ની સફળતા અને ગુજરાતના પનોતા પુત્ર અને માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ તારીખ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૦૦ થી સાંજે ૦૪.૦૦ કલાક સુધી ગુજરાત રાજ્યમાં ૩૦૦ કરતાં વધુ સ્થળોએ રાજ્યના તમામ કર્મચારીઓ દ્વારા "મહારકતદાન શિબિર"નું આયોજન કરેલ છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંકલન સમિતિના કર્મચારીઓ આ શિબિરમાં જોડાયેલ હોઈ આ સમાજોપયોગી ભગીરથ કાર્યમાં તમામ કર્મચારી મિત્રો યોગદાન આપી શકે તે માટે રાજ્યની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમય સવારે ૦૮.૦૦ થી ૧૧.૦૦ સુધી કરવા નિયામક શાળાઓની કચેરીને સુચના આપવા યોગ્ય થવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી.

આપના વિશ્વાસુ

| પ્રમુખ/મહામંત્રી | પ્રમુખ/મહામંત્રી | પ્રમુખ/મહામંત્રી | પ્રમુખ/મહામંત્રી |
|---|---|---|---|
| ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ | ગુજરાત રાજ્ય ઉચ્ચ.માધ્ય. શિક્ષક સંઘ મહામંડળ | ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ | ગુજરાત રાજ્ય માધ્ય. અને ઉ.મા. શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ |

# કમિશનરશ્રી શાળાઓની કચેરી,
# બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષય: તા. ૧૬/૦૯/૨૦૨૫ના રોજ યોજાનાર "મહારક્તદાન શિબિર" માટે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સવારનો કરવા બાબત

સંદર્ભ: માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગુજરાત સરકારના પત્રાંક: અં.મ./આ.વિ./શિક્ષણ/૨૮૬૭/૨૫, તા. ૦૪/૦૯/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ તારીખ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૮.૦૦ થી સાંજે ૦૪.૦૦ કલાક સુધી ગુજરાત રાજ્યમાં ૩૦૦ કરતા વધુ સ્થળોએ રાજ્યના તમામ કર્મચારીઓ દ્વારા "મહારક્તદાન શિબિર" નું આયોજન કરેલ છે. જેમાં રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત શાળઓના તમામ કર્મચારીઓને આ કાર્યક્રમમાં સહભાગી થવા આપના જીલ્લાના તાબા હેઠળની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માનનીય નિયામકશ્રીના આદેશાનુસાર

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા., ગાંધીનગર

**નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ:-**

- સચિવશ્રી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર (ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત શાળાઓના સમયમાં ફેરફાર કરવાની કામગીરી આપના કાર્યક્ષેત્રમાં આવતી હોઈ તે મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.)

Signature Not Verified
Signed by: Jayeshbhai Mohanbhai Patel, Deputy Director
Date: 2025.09.11 12:51:44 +05:30